**ક્રમાંક:ભ.ક.ન.મ.યુ./સાંસ્કૃતિક સેલ/20/2026** **તા.24 /07/2026**

**વિષય :-** **<u>વાર્ષોત્સવ – 2026</u>** અંતર્ગત **<u>“વારસાની વિરાસત – એક ઝાંખી”</u>** કાર્યક્રમમાં ભાગ લેવા અને આપણી સંસ્કૃતિ અને વિરાસતનું જતન કરવા બાબત.

**<u>પરિપત્ર :-</u>**

**નમસ્કાર,**

આપણી સંસ્કૃતિ આપણી ધરોહર છે, અને આપણે એ ધરોહર વિશે સામાન્ય જન-સમુદાય ને અવગત કરવા એ આપણું નૈતિક કર્તવ્ય છે, સાંસ્કૃતિક વારસો પેઢી દર પેઢી એક પેઢીથી બીજી પેઢી તરફ પોતાનું સૌન્દર્ય દર્શન કરાવતો આવ્યો છે, **સમયાંતરે અલગ-અલગ કાર્યક્રમોની હારમાળા વચ્ચે એક કાર્યક્રમ આપણી સંસ્કૃતિના નામે**, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સાંસ્કૃતિક સેલ દ્વારા આયોજિત **<u>વાર્ષોત્સવ-2026</u>** અંતર્ગત આગામી સમયમાં **<u>“ વારસાની વિરાસત – એક ઝાંખી “</u>** શિર્ષક અંતર્ગત એક નાવીન્ય સભર પહેલ કરવામાં આવી રહી હોય ત્યારે યુનિવર્સિટી કાર્યક્ષેત્ર અંતર્ગત આવતા જીલ્લાઓ જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, અને ગીર સોમનાથની વારસા અને વિરાસતનું ગૌરવ લેનારી ગૌરવાંવિત જનતાને તેમજ શૈક્ષણીક તથા બિનશૈક્ષણીક કર્મચારી અને વિધાર્થીઓ સર્વે ઉક્ત કાર્યક્રમમાં ભાગ લઇ ખરા અર્થમાં આપણી ભાતીગળ અને આગવી સંસ્કૃતિ કે જે યુવાનોના મન:પટ પરથી વિસરાઇ જાય તે પેહેલા તેનું સંવર્ધન કરવાની આ પહેલમાં પોતાનો મુલ્યવાન સહકાર આપી કાર્યક્રમને ભવ્ય અને ગૌરવંતો બનાવીએ. ચાલો અપણે સૌ સાથે મળીને એક નવી પહેલનો શુભારંભ કરી આપણા અમુલ્ય વારસા અને વિરાસતનું ખરું મુલ્ય આપણી આવનારી પેઢીના હાથમાં સોપી તેનું જતન કરવાનો સઘન પ્રયાસ કરીએ.

**<u>કાર્યક્રમનો હેતુ:-</u>**

- **આ કાર્યક્રમ દ્વારા આપણા સાંસ્કૃતિક વારસાના સંરક્ષણ, સંવર્ધન અને પ્રસાર અંગે જન જાગૃતિ લાવવી.**
- **નવી પેઢીને પોતાની સંસ્કૃતિ, પરંપરા અને ઐતિહાસિક ધરોહર પ્રત્યે ગૌરવ અને આત્મીયતાની ભાવના કેળવે.**
- **<u>NEP-2020ના</u> ભાગ રૂપે, વિધાર્થીઓમાં સંશોધન, અવલોકન અને સાંસ્કૃતિક અભ્યાસ પ્રત્યે રૂચી અને જીજ્ઞાષા વિકસાવવી.**
- **સાંસ્કૃતિક વારસાના સંરક્ષણમાં સમાજની સહભાગીતા વધારવી અને નાગરિકમાં જવાબદારીની ભાવના વિકસાવવી.**
- **યુવા જૂની-પુરાણી વારસાગત વસ્તુઓથી અવગત થાય અને તમામ વસ્તુઓના ઉપયોગ અને મહત્વ વિષે એક નવી સમજણ કેળવી, પોતે પણ આ પ્રકારના સાંસ્કૃતિક અવશેષોનો સંગ્રહ કરતો થાય અને પોતાની આવનારી પેઢીને તેનું મહત્વ સમજાવે અને જતન કરાવે.**

## ઉક્ત કાર્યક્રમની સંભવિત વસ્તુઓ :-

| ક્રમ | સાંસ્કૃતિક ધરોહરમાં સમાવિષ્ટ વસ્તુઓ |
|---|---|
| 1 | માટીના જુના વાસણો. |
| 2 | માટીથી બનેલી જૂની વસ્તુઓ. |
| 3 | સાંસ્કૃતિક પહેરવેશ. |
| 4 | સાંસ્કૃતિક અવશેષ. |
| 5 | પૌરાણિક સિક્કાઓ / ચલણી નોટ. |
| 6 | ફોટોગ્રાફ્સ/ પૌરાણિક પત્રો (ઐતિહાસિક સંબંધમાં ) |
| 7 | પ્રાદેશિક હસ્તકલાથી બનેલા પહેરવેશ. |
| 8 | સાંસ્કૃતિક / ઐતિહાસિક ચિત્રકલા. |
| 9 | જુના તાંબા / પિત્તળના રસોઈઘરોમાં ઉપયોગી વાસણો. |
| 10 | પૌરાણીક ભીંતચિત્રો ( વારલી ચિત્ર ) |
| 11 | અન્ય રાજ્યોની સાંસ્કૃતિક વસ્તુઓ. |
| 12 | ભરત ગુંથણ/ તોરણ વગેરે |
| 13 | કૃષિ વિષયક ઓઝારો – પૌરાણિક. |
| 14 | પૌરાણિક વાજિંત્ર ( રાવણહથ્થો, ભોરીન્ડો, પગપેટી વગેરે.. ) |
| 15 | લુપ્ત થયેલી પાઘડીઓ. |
| 16 | પારંપરિક રમત-ગમતમાં વપરાતા સાધનો. ( ચોપાટ, વગેરે...) |
| 17 | જુનવાણી વાહનો ( રાજદૂત બાઇક, વગેરે.....) |
| 18 | ટાઇપ રાઈટર/પ્રિન્ટર્સ/રેડીઓ/કેમેરા જેવી મુલ્યવાન વસ્તુઓ. |
| 19 | ઉપરોક્ત દર્શાવેલ ક્રમ 01 થી 18માં સમાવિષ્ટ ન હોય પરંતુ સાંસ્કૃતિક મહત્વ ધરાવતી વસ્તુઓનો પણ સમાવેશ કરી શકાશે. |

## પુરસ્કારની વિગત :-

| ઉક્ત કાર્યક્રમના વિજેતાઓને મળવા પાત્ર રકમ | | |
|---|---|---|
| ક્રમ | ક્રમાંક | પુરસ્કાર |
| 01 | પ્રથમ | રુ. 21000/- |
| 02 | દ્વિતીય | રુ. 11,000/- |
| 03 | તૃતીય | રુ. 7,500/- |

ગુગલ ફોર્મની લિંક:- https://forms.gle/thpLfnazFxddZQRD7

(ગુગલ ફોર્મ મારફત અરજીઓ તા.15-08-2026, સાંજે 06:00 વાગ્યા સુધી માન્ય રહેશે.)

- ઉક્ત કાર્યક્રમમાં ભાગલેવા માટે દર્શાવેલ ગુગલ ફોર્મની લિંકથી વિગત ભરી શકાશે, ત્યારબાદ ટેલીફોનીક જાણ કરી કાર્યક્રમ અંગે સ્થળ અને સમયની મહિતી પૂરી પાડવામાં આવશે.
- ઉક્ત કાર્યક્રમમાં ભાગલેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર અને શિલ્ડ આપી સન્માનિત કરવામાં આવશે.
- નિર્ણાયકો દ્વારા લીધેલ નિર્ણયને અંતિમ નિર્ણય માનવામાં આવશે.

Rbdangar

ડૉ. રૂપા ડાંગર
કો-ઓર્ડીનેટર
કલ્ચરલ સેલ ભ.ક.ન.મ.યુ.